## સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ-૪** **ગુજરાતી** **જુલાઈ, ૨૦૨૦**

**સમય: ૧ કલાક** **કુલ ગુણ: ૨૫**

* અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ.નિ. આપેલા ચિત્રોનું વિગતવાર વર્ણન કરી શકે છે.

**પ્રશ્ન-૧** **તમારા ગુજરાતીના પાઠ્યપુસ્તકના પાના નંબર-૩ પર આપેલું ચિત્ર ધ્યાનપૂર્વક જુઓ અને તેના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** ૫




(૧) ચિત્રમાં બેન શું કરે છે?

(૨) ચિત્રમાં ભાઈના હાથમાં શું છે?

(૩) ચિત્રની નીચે જે સંદેશ લખેલ છે તે શા માટે લખવામાં આવ્યો હશે?

(૪) 'વૃક્ષ' માટે બીજો કયો શબ્દ વપરાય છે?

(૫) ભાઈ-બહેન કઈ જગ્યાએ છોડ રોપતાં હશે?

**(પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે) વૃક્ષોના ઉપયોગ વિશે પાંચ વાક્યો લખો.**

અ.નિ. શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવી શકે છે.

**પ્રશ્ન-૨** **નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.** ૫

૧. પંખો ૨. બારી

૩. નાવડી ૪. બંડી

૫. ભમરો

અ.નિ. શબ્દ – શબ્દ વચ્ચેના સંબંધો વિશે સભાનતા કેળવે અને વાંચેલી વિગતોને સમજી શકે છે. ૫

**પ્રશ્ન-3 કૌંસમાં આપેલા શબ્દોના આધારે ખાલી જગ્યા પૂરો.**

**( પંખી, ફળ, માસ, ઋતુ, શાકભાજી, રંગ )**

૧. બટાટા, રીંગણ, ભીંડા ........................

૨. ચકલી, મોર, બતક ........................

૩. સફેદ, કાળો, લીલો ........................

૪. કેરી, મોસંબી, બોર .........................

૫. જૂન, જુલાઇ, ઓગષ્ટ ...........................

અ.નિ. આશરે ૨000 જેટલા શબ્દો સમજી અને શબ્દકોશનો ઉપયોગ કરી શકે છે.

**પ્રશ્ન-૪(અ) નીચે આપેલા શબ્દોને કક્કાવારી (શબ્દકોશ) ના ક્રમમાં લખો.** 3

સૂરજ, ચોપડી, ટેબલ, બરફ, ચકલી, નાવડી

**પ્રશ્ન-૪(બ) કૌસમાં આપેલા શબ્દોને યોગ્ય પ્રાસ ધરાવતા શબ્દો સામે શોધીને લખો.** ૨

**(રાત, તડકો, ફરવા, ગરમ)**

ક. પરમ ...................................... ખ. ભડકો ....................................

ગ. સાત .................................... ઘ. તરવા ........................................

અ.નિ. પરિચિત કે અપરિચિત વિષય પર સ્વતંત્ર લેખન કરી શકે છે. ૫

**પ્રશ્ન-૫ તમારી શાળા વિશે પાંચ વાક્યો લખો.**